# માતા-પિતા અને હાઇસ્કૂલના વિદ્યાર્થીઓ માટે દક્ષિણ કેરોલિના EOCEP બ્રોશર

## વિહંગાવલોકન

- એન્ડ-ઑફ-કોર્સ એક્ઝામિનેશન પ્રોગ્રામ (**EOCEP**) એ હાઇસ્કૂલના અભ્યાસક્રમો માટે અભ્યાસક્રમની સમાપ્તિનો રાજ્યવ્યાપી મૂલ્યાંકન કાર્યક્રમ હોય છે જેમાં અંગ્રેજી 2, બીજગણિત 1, જીવવિજ્ઞાન 1 અને યુનાઇટેડ સ્ટેટ્સના ઇતિહાસ માટે સાઉથ કેરોલિના (**SC**) ના ધોરણો અને સંવિધાન ભણાવવામાં છે.
- આ અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીના અંતિમ ગ્રેડની ગણતરીમાં **EOCEP** પરીક્ષાના સ્કોરના 20 ટકા ગણવામાં આવે છે.
- **EOCEP** કસોટીઓ વિદ્યાર્થીઓ આ વિષયોમાં આખું વર્ષ જે શીખ્યા છે, તેનું માપન કરે છે. કસોટીના પ્રશ્નો સાઉથ કેરોલિનાના શૈક્ષણિક ધોરણો સાથે જોડાયેલા છે. ચારેય વિષયો માટેના ધોરણો **https://ed.sc.gov/instruction/standards/** પર પોસ્ટ કરવામાં આવ્યા છે.
- **EOCEP** કસોટીઓનો સમય નિર્ધારિત નથી, પરંતુ દરેક પરીક્ષા એક શૈક્ષણિક દિવસમાં પૂર્ણ થવી જરૂરી છે.
- ઑનલાઇન કસોટીની વ્યવસ્થામાં તેની અંદર જ કેલ્ક્યુલેટર અને ગ્રાફીંગ ટૂલ આપેલા છે, જેનો ઉપયોગ વિદ્યાર્થીઓ બીજગણિત 1 અને જીવવિજ્ઞાન 1ની કસોટીમાં કરે છે. બધા હાથ વડે સંચાલિત કેલ્ક્યુલેટર **https://ed.sc.gov/tests/high/eocep/** પર ઉપલબ્ધ **EOCEP** ની કેલ્ક્યુલેટરના ઉપયોગ માટેની આવશ્યકતાઓને પૂર્ણ કરે તે જરૂરી છે.
- સાઉથ કેરોલિના હાઇસ્કૂલ ડિપ્લોમાની પદવી મેળવવા માટે, વિદ્યાર્થીઓએ એ જીવવિજ્ઞાન અને **U.S.** નો ઇતિહાસ અભ્યાસક્રમ પાસ કરવો આવશ્યક છે કે જેમાં રાજ્યની **EOCEP** કસોટી હાથ ધરવામાં આવે છે.
- સાઉથ કેરોલિના વૈકલ્પિક મૂલ્યાંકન (**SC-Alt**) માં સહભાગી થવા માટે પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ સિવાયના દિવ્યાંગ વિદ્યાર્થીઓએ તેમના **IEPs** અથવા 504 પ્લાનની જરૂરિયાત પ્રમાણે યોગ્ય રહેઠાણ સાથે આ કસોટીઓ આપવી જરૂરી છે. **SC-Alt** કસોટીઓ નોંધપાત્ર જ્ઞાનાત્મક વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરે છે. દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે રહેઠાણ સંબંધિત જાણકારી નીચેની લિંક પર ઉપલબ્ધ છે: **https://ed.sc.gov/tests/assessment-information/testing-swd/**.
- જો તેમના **ILAPs** દ્વારા ઉલ્લેખ કર્યો હોય, તો **ML** વિદ્યાર્થીઓએ યોગ્ય રહેઠાણનો ઉપયોગ કરીને **EOCEP** ની કસોટીમાં ભાગ લેવો જરૂરી છે.
- ફેડરલ જવાબદારીની આવશ્યકતાઓને પૂર્ણ કરવા માટે હાઇસ્કૂલના તમામ વિદ્યાર્થીઓની અંગ્રેજી 2, બીજગણીત 1, અને જીવવિજ્ઞાન 1 **EOCEP** કસોટીઓ લેવામાં આવે છે.

## કસોટીનું ફોર્મેટ

- **EOCEP** કસોટીઓ માત્ર કમ્પ્યુટર આધારિત ઑનલાઇન ફોર્મેટમાં જ લેવામાં આવે છે. જે વિદ્યાર્થીઓ ઑનલાઇન મૂલ્યાંકનોમાં ભાગ લઈ શકતા નથી તેમની કસોટી તેમના **IEP**, **504** પ્લાન અથવા **ILAP** દ્વારા નિર્દિષ્ટ પેપર આધારિત ફોર્મેટમાં લઈ શકાય છે.
- અંગ્રેજી 2ની કસોટીઓના બે વિભાગો, એક લેખન વિભાગ અને એક વાંચન વિભાગ, છે કે જે અલગથી લેવામાં આવે છે. લેખન વિભાગમાં લખાણ-આધારિત લેખન (**TDW**) ના પ્રશ્નનો સમાવેશ થાય છે.**TDW** પ્રશ્નમાં એક ફકરો હોય છે અને તેની સાથે તે ફકરાને સંબંધિત પ્રોમ્પ્ટ હોય છે. પ્રોમ્પ્ટ વિદ્યાર્થીઓ માટે લખાણનું વિશ્લેષણ કરવાનું અને ફકરામાંથી સહાયક પુરાવા પ્રદાન કરવા માટે એક નિબંધ લખવાનું આવશ્યક બનાવે છે.
- બીજગણિત 1, જીવવિજ્ઞાન 1, યુ.એસ. ઇતિહાસ અને બંધારણ, તેમજ અંગ્રેજી 2—વાંચનલક્ષી કસોટીઓમાં ટેક્નોલોજી-ઉન્નત, ટેક્નોલોજી-ઉન્નત નિર્મિત પ્રતિભાવ અને પ્રેરક સમૂહો સહિત મશીન-સ્કોર કરેલા પ્રશ્નોનો સમાવેશ થાય છે. તકનીકી-ઉન્નત પ્રશ્નો માટે વિદ્યાર્થીઓએ અલગ રીતે કોમ્પ્યુટર પર જવાબ આપવા પડશે.





## ટ્યુટોરિયલ અને ઑનલાઇન ટૂલની તાલીમ (OTT)

- ઑનલાઇન આકલનો માટેના ટ્યુટોરીયલ એ વિડીયોનો સમૂહ છે કે જે ઑનલાઇન કસોટીની વ્યવસ્થામાં નેવિગેટ કરવાની રીતના પગલાંઓની સૂચનાઓ આપે છે અને સોફ્ટવેરની મુખ્ય વિશેષતાઓ વિશે વિગતવાર સમજણો આપે છે. વિદ્યાર્થીઓએ તેમની પ્રથમ કસોટીના એક દિવસ પહેલા જ ટ્યુટોરિયલ્સની સમીક્ષા કરવી જોઈએ.
- ઑનલાઇન ટૂલની તાલીમ (**OTT**) એ એક કમ્પ્યુટર મોડ્યુલ છે કે જે કસોટીના વાતાવરણનું અનુકરણ કરે છે અને વિદ્યાર્થીઓને **EOCEP**ની કસોટીઓ આપતા પહેલાં આ કસોટીઓ માટેનાં સોફ્ટવેર અને ટૂલને અજમાવવાની તક આપે છે. આ કસોટીઓમાં ઉપયોગમાં લેવાતા તમામ પ્રકારના પ્રશ્નોના નમૂનારૂપ પ્રશ્નો **OTT**માં સામેલ કરવામાં આવે છે.
- **EOCEP** માટે **OTT** અને ઑનલાઇન આકલનોના ટ્યુટોરિયલને નીચેની વેબસાઇટ પરથી ઍક્સેસ કરી શકાય છે (**Google Chrome** નો ઉપયોગ કરીને): **https://wbte.drcedirect.com/SC/portals/sc**.

## સ્કોરના રિપોર્ટ

- વિદ્યાર્થીઓના પરિણામોની જાણ સ્કેલ સ્કોર અને લેટર ગ્રેડ તરીકે કરવામાં આવે છે કે જે દરેક કસોટીમાં (ઉદાહરણ તરીકે, અપેક્ષા કરતાં વધુ, અપેક્ષા મુજબ, ન્યુનતમ અપેક્ષાઓ પૂર્ણ કરે છે અને અપેક્ષા પૂર્ણ કરતા નથી) દેખાવની કક્ષાઓને અનુરૂપ હોય છે. સ્કેલ સ્કોર 0 અને 100ની વચ્ચે હોય છે, પરંતુ સાચા જવાબોની ટકાવારી સમાન હોતી નથી. દરેક કસોટી માટે, વિદ્યાર્થીઓની કામગીરીને "નબળી" "મધ્યમ" અથવા "સારી" તરીકે શૈક્ષણિક ધોરણોને અનુરૂપ શ્રેણીમાં પણ રિપોર્ટ કરવામાં આવે છે.
- વિદ્યાર્થીના વ્યક્તિગત રિપોર્ટની કાગળની નકલો શાળાના જિલ્લાઓને મોકલવામાં આવે છે. આ રિપોર્ટ મળ્યા પછી શક્ય તેટલી વહેલી તકે વાલીઓ અને શાળાઓને તેને પહોંચાડવાનું સુનિશ્ચિત કરવા માટે જિલ્લાઓ જવાબદાર રહે છે.

## અન્ય સંસાધનો

- જે વિદ્યાર્થીઓની **EOCEP** કસોટીઓ શેડ્યૂલ થયેલ છે તેઓને શૈક્ષણિક ધોરણોની કાગળની અથવા ઇલેક્ટ્રોનિક નકલો શાળાના પહેલા દિવસ પછી આપવામાં આવશે.
- કસોટીના નમૂનારૂપ પ્રશ્નો, કસોટીની બ્લુપ્રિન્ટ અને રાજ્યની કસોટીની-વિન્ડો માટેની તારીખો **EOCEP** ના વેબપેજ **https://ed.sc.gov/tests/assessment-information/quick-links-for-teachers/** પર ઉપલબ્ધ છે.